# <u>ટ્રાન્ઝિટ સિસ્ટમ માં સુરત મની કાર્ડ વપરાશ માટેના સૂચનો</u>









Pole Validator HTT Fare Gate Validator

**ન્યૂનતમ બેલેન્સ:** <u>ટ્રાન્ઝિટ</u> માં સુરત મની કાર્ડનો ઉપયોગ કરવા માટે સુરત મની કાર્ડમાં રૂ. 50 / - ની લધુતમ રકમ જરૂરી છે

**સિટી બસમાં સુરત મની કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરવો: :**

1. સિટી બસમાં માં દાખલ થતી વખતે Pole Validator પર "Tap In" અને જ્યારે સિટી બસમાંથી બહાર નીકળે ત્યારે Pole Validator પર "Tap Out" કરવાનું રહશે. જો કોઈ સંજોગ માં Pole Validator ના હોઈ અથવા કાર્યરત ન હોય તો, પેસેન્જર એ બસ ઓપરેટર પાસે જઈ HHT મશિન માં "ટેપ ઇન" અથવા "ટેપ આઉટ" કરાવાનું રહશે
2. સિટી બસમાં માં દાખલ થતી વખતે Pole Validator પર "Tap In" અને જ્યારે બીઆરટી સ્ટેશનમાંથી બહાર નીકળે ત્યારે Fare Gate Validator પર "Tap Out" કરવાનું રહશે. જો કોઈ સંજોગ માં Fare Gate Validator કાર્યરત ન હોય તો, પેસેન્જર એ બીઆરટી સ્ટેશન કેબિન ખાતે ઓપરેટર પાસે જઈ HHT મશિન દ્વારા "ટેપ આઉટ" કરાવાનું રહશે
3. **સિટી બસમાં "ટેપ ઇન" ન કરવા બદલ દંડ:** જો કોઈ ઘટનામાં કોઈ પણ મુસાફર સિટી બસની અંદર ટિકિટ વગર પકડાય અથવા સુરત મની કાર્ડ પર "ટેપ ઇન" ના કરેલ હોઈ તે સંજોગ માં પેસેન્જરને ટિકિટ વિના મુસાફરી કરતો ગણવામાં આવશે અને તે મુજબ દંડ વસૂલવામાં આવશે.

**બીઆરટી સ્ટેશન પર સુરત મની કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરવો:**

1. બીઆરટી સ્ટેશન માં દાખલ થતી વખતે Fare Gate Validator પર "Tap In" અને જ્યારે બીઆરટી સ્ટેશનમાંથી બહાર નીકળે ત્યારે Fare Gate Validator પર "Tap Out" કરવાનું રહશે. જો કોઈ સંજોગ માં Fare Gate Validator કાર્યરત ન હોય તો, પેસેન્જર એ બીઆરટી સ્ટેશન કેબિન ખાતે ઓપરેટર પાસે જઈ HHT મશિન દ્વારા "ટેપ ઇન" અથવા "ટેપ આઉટ" કરાવાનું રહશે
2. બીઆરટી સ્ટેશન માં દાખલ થતી વખતે Fare Gate Validator પર "Tap In" અને જ્યારે સિટી બસમાંથી બહાર નીકળે ત્યારે Pole Validator પર "Tap Out" કરવાનું રહશે. જો કોઈ સંજોગ માં Pole Validator ના હોઈ અથવા કાર્યરત ન હોય તો, પેસેન્જર એ બસ ઓપરેટર પાસે જઈ HHT મશિન માં "ટેપ આઉટ" કરાવાનું રહશે.
3. **બીઆરટી સ્ટેશનમાં "ટેપ ઇન" ન કરવા બદલ દંડ:** જો કોઈ ઘટનામાં કોઈ પણ મુસાફર બીઆરટી સ્ટેશનની અંદર અથવા બસની અંદર ટિકિટ વગર પકડાય અને સુરત મની કાર્ડ પર "ટેપ ઇન" ના કરેલ હોઈ તે સંજોગ માં પેસેન્જરને ટિકિટ વિના મુસાફરી કરતો ગણવામાં આવશે અને તે મુજબ દંડ વસૂલવામાં આવશે.

**બીઆરટી સ્ટેશન અથવા સિટી બસમાં "ટેપ આઉટ" ન કરવા બદલ દંડ**: જો કોઈ ઘટના માં કોઈ પણ મુસાફર બીઆરટી સ્ટેશન અથવા સિટી બસમાંથી બહાર નીકળતા પહેલાં સુરત મની કાર્ડ પર "ટેપ આઉટ" કરવામાં નિષ્ફળ જાય છે, તો ભાડાની મેટ્રિક્સ મુજબ મહત્તમ ભાડું પેસેન્જરના સુરત મની કાર્ડમાંથી કાપવામાં આવશે.

**વિશિષ્ટ કિસ્સાઓ**: જો નીચે જણાવેલ કોઈપણ સંદેશો સુરત મની કાર્ડને ટેપ કરતી વખતે ફેર ગેટ વેલિડેટર પર દેખાય તો મુસાફરો એ સ્ટેશન ઓપરેટર પાસે તપાસ કરાવાની રહશે

a) Entry Required
b) Exit Required
c) Time Exceed
d) Card Invalid

**સુરત મની કાર્ડ પર "ટેપ ઇન" કર્યા બાદ બીઆરટી સ્ટેશન પર પ્રવેશ કરવા માટે**: સુરત મની કાર્ડ ફેર ગેટ વેલિડેટરના એન્ટ્રી ગેટ પર ટેપ ઇન કર્યું હોય અને પેસેન્જર બીઆરટી સ્ટેશનમાં દાખલ ન થયો હોય તો મુસાફર કોઈ પણ ચાર્જ વગર 5 મિનિટની અંદર એન્ટ્રી ગેટ પર ટેપ ઇન કરીને બીઆરટી સ્ટેશન માં દાખલ થઇ શકે છે

જો મુસાફર એ “Tap In” અને “Tap Out” એક જ સ્ટેશન પર કરેલ હોઈ અને ચેકીંગ દરમિયાન બસ માં મુસાફરી કરતો જણાય તો એ સંજોગ માં દંડ લાગુ થશે.

**સુરત મની કાર્ડ પર "ટેપ ઇન" કર્યા બાદ બીઆરટી સ્ટેશનમાંથી બહાર જવા માટે:** કોઈ મુસાફર બી.આર.ટી. સ્ટેશન માંથી "ટેપ ઇન" કર્યા બાદ 5 મિનિટની અંદર કોઈ પણ પ્રકાર ના ચાર્જ વિના "ટેપ આઉટ" કરી બીઆરટી સ્ટેશન માંથી બહાર નીકળી શકે છે પણ જો પેસેન્જર બીઆરટી સ્ટેશન પર "ટેપ ઇન" કર્યા બાદ 5 મિનિટથી વધુ સમય માટે રહે છે અને પછી તે જ બીઆરટી સ્ટેશનથી "ટેપ આઉટ" કરી બહાર નીકળવાનો પ્રયાસ કરશે,તો ચાર્જ લાગુ પડશે.

**સુરત મની કાર્ડ દ્વારા ટિકિટ ની ખરીદી:** જેમ કે સુરત મની કાર્ડ એ પ્રિપેઇડ કાર્ડ છે જ્યાં નાગરિકો નાણાં ઉમેરી અને સંગ્રહિત કરી શકે છે, મુસાફરો સુરત મની કાર્ડ નો ઉપયોગ કરીને તેમના સાથીદારો માટે ટિકિટ તેમાં રહેલ રકમ દવારા ખરીદી શકે એવી સુવિધા પણ ઉપલબ્ધ છે. પરંતુ એ જાણવું જરૂરી છે કે સુરત મની કાર્ડ દ્વારા ખરીદી થયેલ ટિકિટ પર કોઈ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે નહીં. ડિસ્કાઉન્ટ ફક્ત પાસ ધારક માટે જ લાગુ પડે છે અને પાસ ધારક ફક્ત “Tap In” & “Tap out” (પેપર લેસ મુસાફરી) દ્વારા મેળવી શકે છે